

# ગુણાતીત જ્યોત






બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.


વર્ષ ૫૧, અંક : ૨, તા.૨૧મી ફેબ્રુઆરી, ૨૦૨૧,
સંવત - ૨૦૭૭ ફાગણ સુદ - ૭, રવિવાર
દર માસની ૨૧મીએ પ્રગટ થતું માસિક, વાર્ષિક ફી : રૂા.૧૦૦



૨૭/૨/૯૬

સ્વામિશ્રીજી

ગુણાતીત સમાજના
અક્ષર પુરુષોત્તમભાઈ

આપણે સાહેબજી નિભાવે
આપણે દિવ્યભાવ કેમ મૂળમાં
રત રહ્યું છે

તે માટે આવો સમાજ આપણે
ભગવાનપણે માનવો તે મૂળ.
તે સિદ્ધ કરવા આપણે જાગૃતિ
ભક્તિ પાકી કરવી એકાંતિકતા જાગ્રત
રહે. અને બિઝનેસ કરવા MBA થાય
ત્યારે તે પુસ્તકો મગજમાં ભરે તેવા
ધ્યાન પછી તેનું રૂપ પ્રભુને ગમે તેવા-
પાળવા જાગૃતિ રાખવી પડે
જાગૃતિ પડવા ન દેવી. પપ્પા.




# ગુણાતીત જ્યોત

બ્રહ્મરૂપ દેહ પરબ્રહ્મમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.

સંસ્થાપક : ગુરુહરિ પપ્પાજી મહારાજ   પ્રેરણામૂર્તિ : પ.પૂ.હંસાદીદી


## સ્વાધ્યાય સંદેશ

### સંજીવની મંત્ર : ૯

આપણે જ્યારે નામ, નાત, જાત છેક પ્રકૃતિપુરુષ સુધીનું જે આપણું ગણાય તે સળગાવી, રાખ કરી, તેના સિંહાસન ઉપર બિરાજી આ બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની સેવાની સાધના શરૂ કરી છે તો આપણે ખોવાનું શું છે ? તે ડરો છો ? - પપ્પા



### શ્રીજી રસામૃત :-

ભગવાનને વિષે હેત થાય એમ અમારો સિદ્ધાંત છે. ને એમ પણ વિચાર કરવો જે, 'ભગવાનમાં જેવા રૂપ, રસ, સ્પર્શ, સુગંધ છે તેવાં બીજે નથી. ભગવાનના શ્રવણમાં જેવું સુખ છે તેવું બીજે નથી.' એમ ઈંદ્રિયો-અંતઃકરણને લોભ દેખાડીને બીજા વિષયથી પાછાં વાળવાં એ પણ સમજણ ઠીક છે.'

(વચ.પંચાળા-૩)



### શ્રી અક્ષર બ્રહ્મરસ :-

એક તો યજ્ઞ કરે તે આખી પૃથ્વીમાં ઘોડો ફેરવે તેમાં બહુ દાખડો, કેમ જે કોઈક બાંધે તો યજ્ઞ અધૂરો રહે ને એક તો ફળિયામાં ઘોડો ફેરવીને યજ્ઞ કરી લે. તેમાં શું કહ્યું જે, ઈંદ્રિયુ અંતઃકરણ તેને વશ કરવાં એ તો પૃથ્વીમાં ઘોડો ફેરવવા જેવું છે, ને પોતાને બ્રહ્મરૂપ માનવું તે તો ફળિયામાં ઘોડો ફેરવવા જેવું છે.

(સ્વામીની વાતુ પ્રક. ૧ની ૧૭૨મી વાત)



### દિવ્યામૃત :-

જેને નાનાય હરિભક્તના દોષ જોવાની ટેવ છે, ગુસ્સો કરવાની ટેવ છે તેને પ્રભુમાં પણ મનુષ્યભાવ આવશે. માટે સંબંધવાળાના દોષ આપણે જોવા જ નહીં. ઘસારામાં પડવું નહીં. તે સિદ્ધાંત પકડી રાખીએ. સારા દેખાવા માટેય કોઈ ગમે તેમ બોલે તે સાંભળી ના લેવું. કારણ તેનાથી આપણા આત્માનું બગડી જાય.


| અનુક્રમણિકા | પાન નં. |
|---|---|
| ગુરુહરિ પપ્પાજી મહારાજના આશિષ... | ૨ |
| સ્વાધ્યાય સંદેશ... | ૩ |
| પપ્પાજીની પરાવાણી... | ૪ |
| પ.પૂ.જ્યોતિબેનના પ્રાગટ્યદિને... | ૫ |
| સત્સંગ સમાચાર... | ૬ થી... |



# પપ્પાજીની પરાવાણી...

આપણે આપણા એકાંતિકની મરજી પ્રમાણે તથા એમને વફાદાર રહીને જીવન જીવવાનું. ન જીવાય ત્યાં પ્રાર્થના. એટલે સરળ રસ્તો થઈ ગ્યો. માટે સુખે સુખે થઈ શકે. આજે હું કહી દઉં કે,અમે ૧૫ વર્ષની સાધનામાં આટલું જ શીખ્યા કે સ્વામી મળ્યા એ અક્ષરધામ. ગોપાળાનંદસ્વામીએ કહ્યું કે, 'માવજી સોની, તને અક્ષરધામનાં દર્શન કરાવી દેવાં છે.' પેલાને થયું કે શું ય ભડકો દેખાડી દેશે. પછી જૂનાગઢ લઈ ગયા ત્યાં દેખાડ્યું. આ બેઠા છે એ ગુણાતીત એ અક્ષરધામ. અને એને ગેડ બેસાડી દીધી.

આ જે બધા સદ્‌ગુરુ સ્વરૂપો, એ બધા ગુણાતીત છે. સાક્ષાત્ અક્ષરધામ છે. વીજળી કે વડવાનળ જેવા સંત સ્વરૂપો એ ગુણાતીત કહેવાય. અક્ષરધામ કહેવાય. અક્ષરધામ કંઈ આકાશમાં શોધવાનું છે? હવે આપણે અક્ષરધામમાં જીવવું છે. એ રાજી રહે એમ વર્તી લેવું છે. તેમને ઓશિયાળા કરવા નથી. આ બહુ સ્હેલું કરી નાખ્યું. પણ ગુણાતીત સ્વરૂપની રીતે ન વર્તાય એટલે મૂંઝવણ, વિક્ષેપ ને અભાવ આવવાનો. એની રીતે વર્તતા થઈ જઈએ તો આ પળથી જ આપણે સાક્ષાત્ સ્વરૂપ. ધ્યાન રાખી લો. આપણા પર રાજીપો થાય એટલે મૂંઝવણ, વિક્ષેપ, અભાવ આવવાના જ. હં... હું તમને ઈંજેકશનની સોઈ ઘોંચું તો બૂમો પાડો કે નહીં ? ને ડૉક્ટર ઘોંચે તો ? કીડી જેટલું લાગે. તેમ મૂંઝવણ, વિક્ષેપ, અભાવના પ્રસંગ તો દરેકને આવે પણ કીડી જેટલાય ન લગાડવા હોય તો તમને જે સેવા સોંપી છે તે ભગવાનોની સેવા કરું છું. એ માન્યતા તમે રાખો તો મૂંઝવણ, વિક્ષેપ, અભાવના પ્રસંગ સહેલાઈથી જતાં રહેશે. છતાંય આવી જ પડે તો તેમાં ભળવું નહીં. અંદરથી રાજી થવું. હાશ ! મહારાજ ! અનેક જન્મનું કંઈક બાકી હશે તે આ વખતે નીકળ્યું. ઓહોહો ! મારો કેસ બોર્ડ પર આવ્યો ! ડૉક્ટરને ત્યાં નામ લખાવ્યું હોય, ૬-૬ મહિના સુધી એપોઈન્ટમેન્ટ ના મળતી હોય ને એપોઈન્ટમેન્ટનો કાગળ આવે તો રાજી થઈએ ને ! મને ગાડીમાં જવાની તકલીફ પડશે, આમ થશે, તેમ થશે, પૈસા ખર્ચાશે એ બધી બૂમો પાડીએ છીએ કંઈ? તેમ જન્મો પછી નંબર લગાડત એના કરતાં અત્યારે લાગી ગયો ! વહેલો પાર આવશે. માટે રાજી થવું. અંદરથી રાજી થઈ મૂર્તિની સ્મૃતિ કરવા મંડી પડવું.

નદીમાં કપડાં ધોતાં હોઈએ ને ઘોડાપૂર આવે તો આપણે તણાઈ જઈએ કે નહીં ? તે વખતે જે મૂળિયું હાથમાં આવ્યું તે પકડી લઈએ છીએ ને ! પકડીએ છીએ શું કરવા ? તણાઈ જવું નથી એટલે. તેમ પ્રસંગે મૂંઝવણનું પૂર જતાં સુધી તીવ્રતાથી મૂર્તિ પકડી રાખીએ. એમ બળ મૂર્તિનું લેવું. મારા ગુરુ ને ગુરુહરિને પસંદ નથી તો મારે મૂંઝાયેલા રહેવું નથી. તે રીતે તમે તમારા અંગ પ્રમાણે પાછા વળી જાવ. આટલી ગાંઠ વાળી લો તો સુખે સુખે જવાય. બધાંને સરસ ઉપાય બતાવી દીધો. તે સીન્સીયર પાળજો. આને જ વળગી રહેશો તો સુખ, શાંતિ ને આનંદ સદાય રહેશે.

(તા.૧૮.૧.૧૯૭૪)



# અક્ષરરાત્રિ : પ.પૂ.જ્યોતિબેનના પ્રાગટ્યદિને...

પળેપળે સૌભાગ્યવંતીના પ્રમાણમાં વધારો પામતી એવી આ ભારતની ભૂમિ પર અક્ષરરાત્રિની દિવ્ય ઓથે - ગુરુહરિ પપ્પાજીના સાથે અને રાહે 'મિસિસ ગોડ' એટલે કે આપણાં જ્યોતિબેનનું પ્રાગટ્ય...

નાનપણથી જ જ્યોતિબેન ખૂબ જ શૂરવીર. સોનાબાની જેમ તેમને મન જગતની કોઈ પણ આધિ-વ્યાધિ કે ઉપાધિ ડગમગાવી શકી નહીં. સોનાબાના દરેક પગલે તેઓએ શૂરવીરતાથી ખડેપગે રહી સાથ આપ્યો છે. યોગીબાપાની હયાતિમાં ઉજવાતા દરેક સમૈયાઓમાં આગળ પડતાં રહી, અગ્રેસર બની, રાંક રહી, દાસાનુદાસ બની સેવાઓમાં શિરમોર રહ્યાં છે.

ગુરુહરિ પપ્પાજી મહારાજના સાંનિધ્યે આવ્યાં ત્યારથી તેઓ 'કરિષ્યે વચનમ્ તવ'ના વર્તનને પોતાની રગેરગમાં ઉતાર્યું છે. અખંડ બાપા તરફની દ્રષ્ટિ, અખંડ પપ્પાજી તરફની દ્રષ્ટિ, અખંડ સ્વામિનારાયણના અલ્પ સંબંધી  તરફની દ્રષ્ટિ સદાય દિવ્યભાવે મહિમા તથા નિર્દોષભાવથી ભરેલી રાખી છે.

એક વખત જ્યોતિબેન સૌને પ્રસાદ આપતાં હતાં. તે  સમયે એક સાધકે તેમની પાસે વધુ પ્રસાદની ઈચ્છા દર્શાવી. તરત જ પરભાવમાં તેમણે કહ્યું કે, 'મનમુખી વધુ પ્રસાદ અંતરના દેવતાઓ આરોગી જાય છે.' એ આશીર્દાનથી, તે સાધકનો સંકલ્પ, દેવતાઓનું શમન કરી અમન કરવા વધુ પ્રબળ બન્યો. અને અંતે એમાં એ સાધક સફળતા મેળવતા જ્યોતિબાએ આશીર્દાન આપ્યા કે, 'આપણે સાચા ગુણાતીત સાધુ બની જ જઈશું.' ખરેખર ચૈતન્યોનું દર્શન અને સાથે સાથે દેવતાઓને નાથી તેમનો પણ ઉધ્ધાર કરવો તે આ 'ગુણાતીત મા'નું કાર્ય પ્રત્યક્ષ અનુભવાયું.

પપ્પાજી તીર્થધામે ગુરુહરિ પપ્પાજી મહારાજને રાજોપચારવિધિ અર્પણ કરેલી ત્યારે જ્યોતિબાએ પપ્પાજીને સાક્ષાત્ કર્યા અને પ્રાણપ્રતિષ્ઠા કરી. તીર્થ પર હાજર સૌ સાધકોને ધબ્બાપ્રસાદનો લાભ આપ્યો. ફરી આ જ સાધકને આશીર્વાદ આપ્યા, 'બુદ્ધિને દિવ્ય બનાવવી છે.' એ અનુસંધાને સાધકને એક અલભ્ય સંપૂટની પ્રાપ્તિ થઈ. અને વધુ તીવ્રતાથી ગુરુહરિને રોમેરોમમાં બિરાજમાન કરવા માટે તે સાધકે મંઝિલ તરફની ગતિ તીવ્ર બનાવી. અને એ જાગ્રતતાએ અનુભવાયું કે સઘળાં તીર્થો, મંત્રો, અનુષ્ઠાનનું ફળ એ જ્યોતિબેન. જ્યોતિબેનની સ્મૃતિ એ જ શ્રુતિના પાઠ. સમગ્ર વ્રત, તપ, યજ્ઞનો સમન્વય એ જ્યોતિબેન. એમની પરમસભર દ્રષ્ટિ એ સમાધિનો ઉજાસ. એમનો અંતર રાજીપો એ પૂર્ણતાનો અહેસાસ. અખંડ એમને ધારીને વર્તીએ એ એમનો સાક્ષાત્કાર. એવાં જ્યોતિબેનને અનંત વંદન.

હે જ્યોતિબેન ! આજના આ દિવ્યદિને પ્રાર્થના છે કે... આપ પ્રત્યક્ષ છો - સ્મૃતિ દ્વારા, શાસ્ત્રો દ્વારા, ગુણાતીત સ્વરૂપો દ્વારા, મુક્તો દ્વારા, સાથી દ્વારા, હૃદયગુહામાં બિરાજમાન ચૈતન્યની સુવાસ દ્વારા. તો અમે કાયમ આંતરિક રાંકપણું રાખવા સતત જાગ્રતતા રાખીએ તેવા કૃપા આશિષ વરસાવજો...

## સત્સંગ સમાચાર

## તા.૧૪.૨.૨૦૨૧ : પ.પૂ.તારાબેનના સ્વરૂપાનુભૂતિદિનની ઉજવણી...

આજની સભાનું સંચાલન કરતાં પૂ.બકુબેને મહિમા દર્શન કરાવ્યું કે ધ્રુવતારક પ.પૂ.તારાબેનના મહિમાદર્શનમાં તા.૧૨મીથી આપણે સૌ તરબોળ



થઈ રહ્યાં છીએ. બહેનોએ પોતાના જીવનમાં તારાબેને જે કાર્ય કર્યું તે અને સ્મૃતિપ્રસંગોમાં ગરકાવ કર્યા. આજે આપણે ઓનલાઈન ઉત્સવ ઉજવી રહ્યાં છીએ ત્યારે શ્રીજીમહારાજના





૪૯ વર્ષના દર્શનસાંનિધ્ય કાળમાં ૨૧ વર્ષ સુધી પ્રત્યક્ષ યોગમાં રહેલા શ્રી ગુણાતીતાનંદસ્વામીનો હાથ ૪ વર્ષના ડુંગરભક્તના માથે ફર્યો ને એ શાસ્ત્રીજીમહારાજના પ્રત્યક્ષ ઉપાસક પ.પૂ.બા ને તારાબેને પણ શાસ્ત્રીજીમહારાજની સેવા-દર્શનનો લાભ લીધો છે. કેટલો નજીકનો સમયગાળો ! વળી એ શાસ્ત્રીજીમહારાજનો સંબંધ પામેલા નાથાદાદા પપ્પાજીના પ્રાગટ્યનું નિમિત્ત બન્યા. એ પપ્પાજીની પ્રાપ્તિ આપણને તારાબેને કરાવી. એ તારાબેનના પ્રત્યક્ષ દર્શન-વાતુનો લાભ વર્ષો સુધી આપણને મળ્યો. અને એક વાત તો હકીકત છે કે આપણને પપ્પાજી કહે છે તેમ પૂર્વના જ છીએ ને જ્યાં જે ઋણાનુબંધ પૂરાં કરવાના હતા તે કરાવી શ્રીજીસ્વરૂપ પપ્પાજીએ સમય થતાં આ જોગમાં લાવીને મૂકી દીધાં એ સનાતન સત્ય છે. તો આપણે કેટલા નસીબદાર !

આ દિવ્ય ચેતનાના પ્રકાશને હૃદયસ્થ કરી પપ્પાજીએ આપેલાં ગૃહમાતાને પંચાંગે પ્રણામની પ્રાર્થના ધરી કે, ગુરુહરિ પપ્પાજી આપ પ્રગટ છો. સ્વરૂપોના સાંનિધ્યમાં પ્રત્યક્ષ છો. અમ હૃદય-મન તવ સ્મૃતિમાં હો. અમ પંચાંગે પ્રણામ તવ ચરણે હો. આમ પંચાંગે પ્રણામ કર્યા બાદ આરતી-દીપ અર્પણ કર્યા. ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજીમહારાજ તથા મંચસ્થ સ્વરૂપોને પુષ્પભાવ અર્પણ કર્યા.

પ્રથમ નાના ભૂલકાંઓમાં ધ્રુવી માવાણીએ સ્વાગતનૃત્ય કર્યું. ત્યાર બાદ ધ્રુવી અને ખુશ્બુએ ભાવનૃત્ય કર્યું. રાજવીબેન ઈડરે નૃત્ય કર્યું. આ બાળકો એટલે પ.પૂ.તારાબેને જે જે કુટુંબના સર્વ સભ્યોનું જતન કર્યું છે એ સંબંધિત બાળકોએ સૌના હૃદયમાં ઉમળકો ભરી દીધો. અને સ્વરૂપોના આશીર્વાદથી બાળકો સુખથી ભરાઈ ગયા. ત્યારબાદ આશિષકૃપામાં સૌ ભીંજાયા તે માણીએ.



**આશીર્દાન પ.પૂ.તારાબેન :** પપ્પાજી કંઈક જુદા જ છે. એવા અનુભવો એમણે આવ્યા ત્યારથી કરાવ્યા જ કર્યા. એમણે જીવનમાં કરીને બતાવ્યું કે સંબંધવાળો છે ! બસ પછી એનું કંઈ જ નહીં જોવાનું. એ વર્તનથી જીવ્યા, ને સંબંધવાળાની માહાત્મ્યેયુક્ત સેવા કરી. તેની સરભરા, સગવડ બધું ચોક્કસ જ હોય. તેમને માટે શું ન થાય ? એ બોલે તેવું વરતીને જ રહે. તેમાં એમને જે ભક્તો પર વિશ્વાસ હોય તેને સેવા સોંપે ને એ બધા સેવકોને એમના જેવા સુખિયા કરી દીધા. આ રીતે દાસના દાસ થઈને પપ્પાજીએ જવાબદારીથી સેવા કરી છે. છુંછું જરાય નહીં. એક ખૂણામાં બેસે બાપાની નજર એમના તરફ. ને એમની નજર બાપા તરફ. એમણે એવું શીખવ્યું કે બધા જ સંબંધવાળા ભગવાનનું જ સ્વરૂપ છે ને બધાંને ભગવાન વરતાવે છે. માટે જેવા માનો તેવા થાવ. પણ કોને ? સ્વરૂપોને તો માનીએ જ, પણ સંબંધવાળાને એવા માનવાના છે. આપણા પપ્પાજીએ વર્તનથી આદર્શ આપ્યો છે. બસ તેમની સ્મૃતિમાં લીન રહીને કોઈનું ય જોયા વિના સેવા કરી લઈએ.

ત્યારબાદ પૂ.કાજલબેને ભજન ગાયું. અનુભવદર્શનમાં પૂ.ઉષાબેન ફળદુએ લાભ આપતા કહ્યું કે તારાબેને અમારા બાળકોની રક્ષા કરી છે જે કદી ભૂલાય તેમ નથી.



**પૂ.માયાબેન :** પપ્પાજી મળ્યા એ પળથી જ તારાબેન તેમાં અખંડ રત રહ્યાં ને હરેક પળને સનાતન બનાવી. અને અમને પણ એ જ શીખવાડ્યું. ૧૯૫૨થી અંતરમાં એકાંત અનુભવ્યું. જેથી દરેક સ્મૃતિઓ વાગોળ્યા જ કરી. ૧૯૫૬માં દીદી આવ્યાં ત્યારે સહજ જ હેવા પડેલા હું, ઠાકર, સેવા ને મારાં સ્પંદનો. સ્વભજન કન્ટીન્યુ કર્યું. જેથી જે પ્રાપ્ત થયું તે જતન કરીને જાળવી રાખ્યું. દિવ્યભાવ વગર એમણે કોઈ વાત નથી કરી. અંગની ભિન્નતા હોય પણ ક્યારેય સરખામણી નથી કરી. વાણીથી કે આંખથી પણ નહીં. સંપ, સુહૃદભાવ, એકતાથી વર્ત્યા તો પાછળ એવો જ સત્સંગ વધતો ગયો.

એમણે કોઈ પાસે આગ્રહ રાખ્યો નથી. એક જ વાત : કોઈનું ઘસાતું નહીં બોલવાનું ને કર્તાહર્તા કોણ છે ? એના પર જ ધ્યાન દોર્યું છે. પ્રસંગે બધાનું બધું સાંભળીને ઉદરપાત્રમાં ઝીલી લેતાં. બ્રહ્માગ્નિમાં હોમી દે ને કર્તાહર્તાનો એકડો ઘૂંટાવ્યા કરે. લાખો અબજોની વસ્તીમાંથી આપણને વીણીવીણીને લીધાં છે. એ મહિમામાં જ રાખ્યા છે તો આ વાગોળીને એમાં લીન રહીએ. હંમેશા પપ્પાજી તરફ દૃષ્ટિ રહે તેવા વિચાર, વાણી, વર્તન કરીએ એ જ પ્રાર્થના.



**પૂ.મીનાબેન ગાંધી :** આપણે ખૂબ નસીબદાર. મહારાજ પધાર્યા ને સાધુ સ્વરૂપ મળી ગયા તો જીવનની પ્રગતિ વધી ગઈ. ને એ બંનેની ઓળખાણ તારાબેને વર્તનથી કરાવી. એમણે કદી કહ્યું નથી કે મારી પહેલી પસંદગી કરી. એમણે એ જ કહ્યું કે એમણે મને ગ્રહણ કરી એ જ એમની કૃપા. એ તારાબેને ગૃહસ્થો ને બાલગોપાલ સર્વનું ખૂબ જતન કર્યું. મૂળ પ્રકૃતિ-સ્વભાવનું પરિવર્તન કરી દીધું. તારદેવમાં આવતા સર્વ ચૈતન્યો, રીતરિવાજ જુદા પણ પપ્પાજીનો આદર્શ કે સૌ કોઈ અમારા જેવું સુખ લેતા થાય એ પાયા ત્યાંથી શરૂ થયા કે સંપ, સુહૃદભાવ, એકતા રાખો તો રાજી થતાં કયાં વાર છે? પપ્પાજીએ તારાબેનને કહ્યું કે, 'તારા, પહેલાં મૂર્તિ સિદ્ધ કરી લે.' એ આજ્ઞા સારધાર પાળી. પપ્પાજીની ભક્તિ કદીય ચૂક્યા જ નથી ને અમને ગળથૂથી એ જ આપી કે મૂર્તિ જ જીવન હોય, સહારો હોય એ જ કામ કરવાનો છે. તો હે તારાબેન ! અમે તમારી જેમ મૂર્તિ સિદ્ધ કરી લઈએ ને સ્વરૂપનિષ્ઠા દ્રઢ થાય તેવું જીવવાનું બળ આપજો એ જ પ્રાર્થના.

**પૂ.નેહલબેન દવે :** હું સેવાસમાગમમાં હતી ત્યારે જૂની જ્યોતના હોલમાં સભા હતી. તારાબેનને ગમતું ભજન 'કૃપાનો કુંભ...' ગાવાનું મેં શરૂ કર્યું. તેમાં ૩જી કડી કઈ હશે તેમાં હું મનથી કન્ફ્યુઝ થઈ. મેં ગાયું : 'તું જન નથી...' ત્યાં તરત જ લીનતાથી



સાંભળતા તારાબેન બોલ્યાં કે, 'અરે, અરે... રહી જ ગયું, રહી જ ગયું. મુખ્ય જ રહી ગયું. તને સાંભરે સંભારે તને... એ જ મુખ્ય છે.' અને એ મૂર્તિનાં દર્શન અને એમની આ મુખ્ય વાત. હજી આજ સુધી એ કડી હું ભૂલી નથી શકતી.

તારાબેનને ગૂંથણકામ સરસ આવડે. ૧૯૯૪માં બહેનો માટે સ્વેટર ગૂંથવાની જરૂરિયાત પડી ત્યારે તારાબેને કહ્યું કે 'હું ઝરણા માટે સ્વેટર ગૂંથી આપીશ.' ને એ પણ કેવી રીતે ? એને કેવું ગમે ? કયું ઊન ? કેવી ડીઝાઈન ? કેવું ફીટીંગ ? એ બધું એમને પૂછે ને પરફેક્ટ એમને ગમે એવું સ્વેટર ને મફલર ગરજુ થઈને કરી આપ્યું. આ કેવી ભાવના ! માહાત્મ્ય ! એવા તારાબેને વર્તનથી આપણને માખણરૂપી સૂત્રો આપ્યા. 'પરાણેય દિવ્યભાવ પકડી રાખો.', 'મુક્તો ધામના ધગધગતા અંગારા છે.' જેમ મેથ્સ અને સાયન્સની ફોર્મ્યુલાઓ બદલીને કોઈ કંપની નહીં ચલાવી શકાય એમ તારાબેને આપેલ બ્રહ્મસૂત્રમાંથી પરાણેય કે દિવ્યભાવ શબ્દ કાઢી નાખીશું તો થોડું પાર પડાશે? શરૂઆતમાં આ પરાણેય શબ્દ ખૂબ કામ લાગેલો. એ માખણ કામ લાગ્યું. માટે પ્રસંગો એ મેથીની કડવી ભાજીના ઢેબરાં જેવા છે. સમજીને માખણ લગાડીને ખાઈએ તો એસીડીટી ન થાય. બધું પચી જાય. એમ દરેક સ્વરૂપોએ જીવન જીવીને માખણ આપ્યું છે. તે જેના અંગમાં જે ફાવે તે. એ જાતજાતના માખણ પીરસ્યા છે. જે ફાવે તે લઈ લઈએ ને એનો સ્વાદ લેતા રહીએ એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.દેવીબેન :** પપ્પાજીએ અવિભક્ત આત્મા તારાબેનને કહ્યા. ઓહોહો તારાબેન કેવા ! એકદમ રાંક, જાણે કાંઈ સમજતા નથી. પોતે છે જ નહીં. હુંહાટા વગરનું જીવન. તારદેવમાં પપ્પાજી સાથે રહી બાપાએ સોંપેલા પાંચ મંદિરોનો હિસાબ રાખે કેટલી મોટી વાત છે ! ભક્તોની સેવાના મનીઓર્ડર



કરવા ભર તાપમાં, લાઈનમાં ઉભા રહે. મુખ પર આનંદ હોય. પપ્પાજીની જે સેવા એમણે કરવાની હોય તેમાં એ મારી સેવા લૂંટાઈ ના જવી જોઈએ. એવી ગરજ. બાકી સ્ટેમ્પ મારવાના, પત્રિકાના એડ્રેસ લખવાના એ બધી સેવા શીખવે. માહાત્મ્યમાં તરબોળ કરી દે. આપણી સાથે આપણા જેવા થઈને રહ્યાં ને પપ્પાજી કોણ છે ? તેની ઓળખાણ કરાવી. એકવાર મને ઉભા થતાં માથામાં નળ વાગ્યો તો કહે, 'દેવી ! એક જનમ ગયો.' એ જડ કે ચેતનનો પણ અભાવ લેવા ન દે. દિવસે દિવસે દિવ્યભાવમાં જ આગળ લઈ જાય ને સ્વધર્મ ન ચૂકે. આપણે કેટલા નસીબદાર કે બા, પપ્પાજી, કાકાજી, જ્યોતિબેન, તારાબેન, દીદી જેવા સ્વરૂપો આવ્યા. ને આપણું જતન કર્યું કે જેની હદ નથી. આપણે પપ્પાજીનું ઋણ ચૂકવવું જ છે. તારાબેન જેવો રાંકભાવ, પ્રભુની મૂર્તિમાં રહેવાપણાનો નિર્ણય જ કરીએ. ભગવાન બધું જાણે છે તો હે પ્રભુ ! તમારો સંકલ્પ તમારી જ કૃપાથી અમારામાં એ સંકલ્પ પૂરો કરજો.


**આશીર્દાન પ.પૂ.દીદી :** આપણા ધ્રુવતારક



તારાબેનની જય. એક વાત શીખ્યા કે કર્તાહર્તા પપ્પાજી છે. મારા ભગવાનને જે આપણું છે તે લેવું જ છે. તે આપણે દેવું છે તેનું સતત અનુસંધાન રાખવું છે. મને તારદેવમાં કહ્યું હતું કે મારે તને પુરુષોત્તમનારાયણનું સ્વરૂપ બનાવવી છે. પણ એનો અર્થ આજે સમજાય છે કે દાસાનુદાસ બનવામાં જે મોટપ છે એને કોઈ લઈ ના

શકે. એ સર્વોચ્ચ સ્થિતિ માટે એમના વચનનું મૂલ્ય હોવું જોઈએ. ને એ આપણામાં સાકાર થાય તે આપણા જીવનમાં જોતા રહેવું પડે. યોગીજીમહારાજે આપણને સ્થાન ને સત્પુરુષની ભેટ આપી જેથી પ્રાપ્તિના માર્ગે રહ્યા. આજે આનંદ છે. આખા ગુણાતીત સમાજમાં ગુણાતીત સ્વરૂપો મહારાજનું કાર્ય કરે છે. સૌ એકના સુખે સુખી ને દુઃખે દુઃખી થઈ સંપ, સુહૃદભાવ, એકતાથી જીવે છે. આપણે બધાંએ સંકલ્પની તાકાત વધારવી છે. જે હૃદયમાં બેઠા છે તે બળિયા છે, શક્તિમાન છે. માટે એમના વચનને સંભારીને મૂર્તિ, મંત્ર, સેવા, માહાત્મ્યથી જીવી લઈએ.

**પૂ.સુરેશભાઈ ગાંધી :** પપ્પાજીની ઓળખાણ તારાબેને કરાવી. તારાબેન એટલે ગુણાતીત મા. ભક્તિરૂપ જીવન સિવાય કોઈ ચરિત્ર નહીં. વાત કરે કે સાંભળે ને એને વિરામ આપવાનો હોય તો એનીય આપણને ખબર પાડી દે. તારાબેનનાં દર્શને મને થયું : 'હું તમારો.' તેમના જતનથી તારાબેન, પપ્પાજી એક છે તેવું મનાય છે. કોઈ બી વાતે સહાયતા રહે છે. મને તો થાય છે કે જન્મોજનમ આવી દિવ્ય મા મળે. મને કોઈ દિવસ વઢ્યાં નથી. અંતરથી અંતર પકડી લેતાં. ને એટલું જ કહેતાં કે આ પપ્પાજીનું સ્વરૂપ ઓળખી લેજે. કાંઈ નથી થવાનું. ચિંતા ના કરતો. પપ્પાજી સાથે છે. વન મેન શોમાં કામ કરવાનું હોય પણ તેમાં સાથ બધા જ આપે છે. પણ એમાં હિંમત તારાબેન આપે છે. દરેક વાતમાં આનંદ થાય છે. ચાલશે, ભાવશે, ફાવશે તેવું રહે છે ને હું મારું પૂરું કરી લઉં તેવું થાય છે. બસ મારી દોડ તેમના સિદ્ધાંત તરફ રહે એ જ પ્રાર્થના.



**પૂ.શૌર્યભાઈ દેસાઈ :** સત્સંગી એકાંતિક કુટુંબના ગુણાતીત ભૂલકાંને તેમના કૃપાફોઈને શિબિરમાં તારાબેને કરેલી વાર્તા શૌર્યભાઈએ કહી કે તારાબેન કહેતાં કે ગૌતમ અને રાહુલ બંને રથની રેસમાં જતા હતા. ત્યારે રાહુલ આગળ હતો ને એ પાછળ જોવા ગયો કે ગૌતમ કેટલે છે ? ને એ દરમ્યાન ગૌતમનો રથ આગળ નીકળી ગયો. ને એ વિજેતા થયો તેમ આપણે કોઈનું જોવા જઈએ તો પાછળ રહી જઈએ. માટે જીવનમાં ધ્યેય તરફ દ્રષ્ટિ રાખવી. એટલે હું ભણવામાં એકાગ્ર થઉં ને જીવનમાં પપ્પાજી ને તારાબેનને આગળ રાખી આધ્યાત્મિક વારસ બની નામ રોશન કરું તેવો બુદ્ધિયોગ આપજો.





**આશીર્દાન ગુરુહરિ પપ્પાજીમહારાજ :** જોગીમહારાજના સંકલ્પે બહેનો માટેનો માર્ગ ખુલ્લો થયો તેમાં અક્ષરધામના મુક્તોને લઈને એ જ આવ્યા. તારાબેન-જ્યોતિબેનને પરણાવવામાં બધાંએ ઘણાં ઉધામા કર્યા. પણ જોગીમહારાજે કહ્યું કે, 'બહેનો ભગવાન ભજે તો શું ખોટું ?' એકાંતિકપણાનો માર્ગ આત્માનું કલ્યાણ થાય, સાધુ તરીકે અખંડ ભગવાનધારક બની શકાય તેવો માર્ગ ખોલી આપ્યો. તે આ જ્યોતિબેન, તારાબેન, હંસાબેન, દેવીબેન અને સદ્‌ગુરુ મંડળે ધ્યેય સિદ્ધ કરી પૂરો પાડ્યો. આ ગુણાતીત જ્યોત ખોલવામાં બા, બેન, મણીબા હતા અને આ ચાર બહેનોએ ભાગ ભજવ્યો. તારાબેને સૌથી પહેલા ઝૂકાવ્યું ને આદર્શ પૂરો પાડ્યો. દર્શનમાત્રે, સંકલ્પમાત્રે, દ્રષ્ટિમાત્રે અનંતના કલ્યાણ કરે તેવા બન્યા. તો તેવા આશિષ સૌને આપે એ જ પ્રાર્થના.

આ નિશ્ચયદિનને ૬૮ વર્ષ પૂરાં થયાં એ ૬૮ તીરથ જેના ચરણોમાં છે તે મહિમાની સ્મૃતિ કરાવતી કેક અર્પણ કરેલી. તેનું કર્તન મંચસ્થ સ્વરૂપોએ કરી,



ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજી અને તારાબેનને અર્પણ કરીને સ્મૃતિપ્રસાદ કર્યો.

આ સાથે સૌ દેશ-વિદેશના ભાવિક દર્શકો ને જ્યોતના સર્વ સ્વરૂપો ને અક્ષરમુક્તોના ભાવ સંભારણા સાથે સભાનું સમાપન થયું.

★ તા.૧૭મી ફેબ્રુઆરીના મહિમાગાનની સભાનું સમાપન મહાપૂજા કરીને કર્યું.







જેમાં ગુરુહરિ પપ્પાજીમહારાજ, પ.પૂ.તારાબેન, પ.પૂ.દીદી, પ.પૂ.દેવીબેનના આશિષ માણ્યા.

★ તા.૨૮મી જાન્યુઆરી-પોષીપૂનમના મંગલદિને શ્રી ગુણાતીતાનંદસ્વામીજીના દીક્ષાદિન નિમિત્તે, તા.૩જી ફેબ્રુઆરીના બ્ર.સ્વ.કાકાશ્રીના સાક્ષાત્કારદિન નિમિત્તે, તા.૧૬મી ફેબ્રુઆરીના બ્ર.સ્વ.શાસ્ત્રીજીમહારાજના પ્રાગટ્યદિન નિમિત્તે મહિમાગાન ને કીર્તન ભક્તિ દ્વારા ઉજવણી કરી, ગુરુહરિ પપ્પાજીમહારાજ, પ.પૂ.દીદી અને પ.પૂ.દેવીબેનના આશિષ લીધા.

### પ્રભુ સાંનિધ્યે બિરાજ્યા...

★ બોરીવલી મંડળના ગુણાતીત સૌરભ વ્રતધારી એકાંતિક ભક્ત પૂ.નાથુભાઈ વડગામા તા.૯.૨.૨૦૨૧ના અક્ષરનિવાસી થયા છે.

રમણીકભાઈ અને વિમળાબેનના યોગમાં આવ્યા ને પપ્પાજી વિશે નિષ્ઠા થઈ ત્યારથી રૂક્ષ્મણીબેન ને નાથુભાઈ બંને નિષ્ઠા અને નિર્દોષબુદ્ધિ રાખીને એક રહેણીએ જીવ્યા. પ્રભુની કૃપાથી બોરીવલી જ્યોતની નજીક રહેવાનું સદ્‌ભાગ્ય મળ્યું. જ્યોતિબેનના વચને સવારે



વહેલા ઉઠીને ભજન કરી, સેવામાં સમયસર પહોંચી જતા. સંતો, બહેનો, ભક્તો પધારે ત્યારે નાથુભાઈ સ્ટેશને લેવા-મૂકવા જવાની સેવા કરતા. પોતે મીસ્ત્રીકામ જાણતા એને લગતી સેવા માટે સદાય તત્પર રહેતા. નાની-મોટી ખરીદી, ફેરાધક્કાની સેવા પણ કરતા. જ્યોતિબેનની નાની-મોટી આજ્ઞામાં તત્પર રહેતા. મહાપૂજાની આજ્ઞા આપી તે છેક સુધી પાળી. એમના વચને દરેક અઠવાડિક સભામાં રેગ્યુલર જતા. ભગવાન નાની-મોટી પરીક્ષા લાવે, ભીડાભક્તિના પ્રસંગોય આવે પણ ભગવાન તરફ કે કોઈ તરફ ધોખો-વાંધો નહીં. એવા મહામુક્ત માહાત્મ્યસભર સેવક નાથુભાઈને વંદના.

સ્વામિશ્રીજી, ગુરુહરિ પપ્પાજી તથા સૌ સ્વરૂપો તેમના આત્માને શાંતિ અર્પે ને કુટુંબીજનોને બળ અર્પે એ જ પ્રાર્થના.

### નિર્ણય

★ એકાદશી :
મહા સુદ-૧૧, મંગળવાર, તા.૨૩.૨.૨૦૨૧

★ એકાદશી :
મહા વદ-૧૧, મંગળવાર, તા.૯.૩.૨૦૨૧

★ અક્ષરરાત્રિ - પ.પૂ.જ્યોતિબેનનો પ્રાગટ્યદિન :
મહા વદ - ૧૩, ગુરુવાર, તા.૧૧.૩.૨૦૨૧





શ્રી ગુણાતીતાનંદસ્વામીજીના દીક્ષાદિનની ઉજવણી...



બ્ર.સ્વ.કાકાશ્રીના સાક્ષાત્કારદિનની ઉજવણી...



બ્ર.સ્વ.શાસ્ત્રીજીમહારાજના પ્રાગટ્યદિનની ઉજવણી...



કીર્તન આરાધનાની સ્મૃતિપળો...



To,

RNI NEW DELHI NO : 20485/71
PO REGD NO : G-AND-336/2019-21
Lic Valid Upto: 31.12.2021
DATE OF PUBLICATION :
21st of every month
DATE OF POSTING :
21st of every month
PLACE OF PUBLICATION (POSTED AT) :
Vallabh Vidyanagar MDG 388120





શાશ્વતધામે દર્શન...



Editor, Proprietor, Publisher & Printer : Hemaben Bhatt
Publishing Place : Gunatit Jyot, Pappaji Marg, P.O.Box-23, Vallabh Vidyanagar-388120, Dist.Anand, Guajrat, India
Phone : (02692)230163, 236646, Website : www.gunatitjyot.org, E-mail: prakashan@gunatitjyot.org
Printing Place : Angatbhai J. Shah, Gujarat Press, Anand-388001, Gujarat, India